## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



તું સમજ, ન સમજાય તો ઓફિસમાં પૂછી આવ..., ઘરેથી કામ કરો એમ કહ્યું છે... ઘરકામ કરવાનું નહીં...!!

# આજે વડાપ્રધાન મોદીના હસ્તે રાજકોટ એઈમ્સનું ઈ-ખાતમુહૂર્ત

**ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, બધા ધારાસભ્યો તથા ઉચ્ચ અધિકારીઓ સાઇટ પર હાજર રહેશે, રાજકોટમાં ૨૦૦ એકરમાં ૧૭ જેટલા બિલ્ડિંગો બનાવવામાં આવશે, ૨૦૦ એકર જમીનમાં ૧૧૯૫ કરોડના ખર્ચે એઈમ્સ નિર્માણ થશે**

ગાંધીનગર,તા.૩૦

૩૧મી ડિસેમ્બરના રોડ઼ઁસ મોદીના હસ્તે એઈમ્સનું ખાતમુહૂર્ત કરાશે. ખાતમુહૂર્તને લઈને ડોમની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. રાજકોટમાં ૨૦૦ એકરમાં ૧૭ જેટલા બિલ્ડિંગો બનાવવામાં આવશે. એઈમ્સ તરફ જવાના બિસ્માર માર્ગો નવા બનાવવામાં આવી રહ્યા છે. ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, બધા ધારાસભ્યો તથા ઉચ્ચ અધિકારીઓ સાઈટ પર હાજર રહેશે. મહત્વનું છે કે એઈમ્સના ૧૭ પ્લાનમાંથી ૯ પ્લાનને મંજૂરી મળી ગઈ છે. અન્ય માટે ૨-૩ દિવસમાં મંજૂરી મળી જશે. આજે રાજકોટ એઈમ્સનું ખાતમુહૂર્ત પીએમ મોદી વીડિયો કોન્ફરન્સથી કરશે. ૨૦૦ એકર જમીનમાં રૂ.૧૧૯૫ કરોડના ખર્ચે એઈમ્સ નિર્માણ થશે. સીએમ રૂપાણી, નીતિન પટેલ, સાંસદો પણ હાજર રહેશે. તંત્ર દ્વારા આજે રિહર્સલ કરવામાં આવશે.

અગાઉ જિલ્લા કલેકટર રેમ્યા મોહન અને નિવાસી અધિક કલેકટર પરિમલ પંડયા સહિતના મહાનુભાવોએ સભાસ્થળ, ખાતમૂહર્ત સ્થળ અને સંભવિત હેલીપેડના સ્થળોની મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં આવનારા આમંત્રિતો, સામાન્ય નાગરિકો તથા અધિકારીઓ માટેના રૂટની વ્યવસ્થા, મેઈનરોડથી સભાસ્થળ સુધીના રૂટના આયોજન, કોરોના સંબંધી સરકારી માર્ગદિશકાનું પાલન, વીજળી પુરવઠો, પીવાનું પાણી વગેરે મુદ્દે બેઠકમાં વિશદ ચર્ચા કરવામાં આવી હતી. રાજકોટ એઈમ્સનું ઈ-ખાતમુહૂર્ત ૩૧મીએ વડાપ્રધાન કરશે, તેમજ મુખ્યમંત્રી હાજરી આપશે તેવી જાહેરાત થઈ છે. એઈમ્સનું ખાતમુર્હતને લઈ ડોમની ત્યારીઓ શરૂ કરી છે.

જોકે પીએમઓ ઓફિસથી મૌખિક મંજૂરી સંભવિત ૩૧ તારીખ મળતા એઈમ્સના અધિકારીઓ દ્વારા તૈયારીઓ શરૂ કરી છે. ૨૦૦ એકરમાં ૧૭ જેટલા બિલ્ડગો બનાવવામાં આવશે. એઈમ્સના ખાતર્મુહત અંગે હજુ સ્થાનિક વહીવટી તંત્ર સુધી કોઈ જ માહિતી મળી ન હોવાનું સામે આવ્યું છે તો બીજી બાજુ એઈમ્સ જવાનો માર્ગ બિસ્માર હોવાથી નવા રસ્તાઓ બનાવવા આવી રહ્યા છે, સાથે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી, તેમજ બધા મંત્રી, સાંસદ, ધારાસભ્યો અને એમ્સના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહેશે. સીએમને લઈ જઈ શકાય તેમ ન હોય હેલિકોપ્ટર મારફત સાઈટ પર લવાશે અને તે માટે હેલિપેડ પણ તૈયાર થઈ રહી છે. એઈમ્સના હાલ ૧૭ પ્લાન માંથી ૯ પ્લાન ને મંજૂરી મળી છે બાકીના પ્લાન માટે ૨થી ૩ દિવસમાં મજૂરી મળી જશે.

## ખૂણેખાંચરેથી

- લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ રચાયેલ જિલ્લાસ્તરની આજે જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યના અધ્યક્ષપદે બેઠક મળી હતી.
- ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના કેસ એક સરખા કેસ નોંધાયા છે.
- ગાંધીનગર જિલ્લામાં સતત બીજે દિવસે ૨૪ કેસ નોંધાયા છે.
- પંચાયતોની ચૂંટણીઓ અંગેની તૈયારીઓની સમીક્ષા માટે ગઈકાલે યોજાયેલી વિડીયો કોન્ફરન્સ મોડી સાંજ સુધી ચાલી હતી.
- જિલ્લા કલેક્ટર કચેરીના બે કર્મયોગીઓનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- જિલ્લાની વિવિધ કચેરીઓમાં જ શોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાતુ ન હોવાની વાતો કર્મચારીઓમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.
- ખેડૂતો માટે પરિવહન યોજના અંતર્ગત રૂ. ૫૦ હજારની સહાય આપતી આ યોજના માટે જિલ્લામાં માંગવામાં આવેલ અરજી સંદર્ભે ૮૦થી વધુ ખેડૂતોએ અરજી કરી છે.

## સેકટર-૨૪ ખાતેથી જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ મટન માર્કેટની સામેની ખુલ્લી જગ્યામાં સેકટર-૨૧ પોલીસે પાંચ જુગારીઓને પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૩,૨૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ હે.કો. પ્રહલાદભાઈ અને કોન્સ્ટેબલ અલ્પેશસિંહને બાતમી મળી હતી. જેથી સેકટર-૨૪ તવકકલ મટન શોપની સામે ખુલ્લામાં જુગાર રમતા જુગારીઓ પર પોલીસે રેઈડ પાડી હતી. તેમાં ઈન્દીરા નગર છાપરામાં રહેતા જમાલખાન સત્તારખાન પઠાણ (ઉં.૫૦), સુનિલ શ્યામભાઈ દંતાણી (ઉં.૩૨), સદીકભાઈ કાલુભાઈ મલેક (ઉં.૪૬),રસુલખાન સત્તારખાન પઠાણ (ઉં.૪૨), અને છનાભાઈ ડાહ્યાભાઈ રાવળ (ઉં.૫૫) રંગેહાથ ઝડપાયા હતા. પોલીસે અંગજડતી દરમિયાન રોકડ રૂ.૧૧,૧૭૦ અને ત્રણ ફોન કિં.૨૧૦૦ મળી કુલ રૂ.૧૩, ૨૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દિવસેને દિવસે કોરોનાના કેસમાં ઘટાડો : ૭૯૯ કેસ

**રાજ્યમાં કોરોનાથી કુલ ૭ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૯૫૯૮૧૦૮ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૨૯૯૭૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા**

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યમાં કોરોના વાયરસના વધતા કહેરને રોકવા માટે રાત્રિ કર્ફ્યૂ અમલમાં છે. મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ પહેલી જાન્યુઆરીથી રાત્રિ કર્ફ્યૂનો સમય ૧૦થી ૬ સુધીનો કર્યો છે તો ૨૪ કલાકમાં નવા કેસની સંખ્યા પણ ૮૦૦ની નીચે નોંધાઈ છે. ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૭૯૯ નવા દર્દીઓ સાથે જ કોરોનાનો કુલ આંકડો પણ ૨૪૪૨૫૮ થયો છે. જ્યારે રાજ્યમાં દર્દીઓના સ્વસ્થ થવાનો દર પણ ૯૪.૧૫% થયો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૪,૭૦૮ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૯૫,૯૮,૧૦૮ થયો છે. રાજ્યમાં ૭૯૯ નવા દર્દીઓ સામે ૮૩૪ દર્દીઓ સ્વસ્થ થયા છે.

જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૨,૨૯,૯૭૭ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૮૪૧.૬૬ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૩,૬૪૫ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૦૩,૫૩૦ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૧૫ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૯૯૭૯ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૨ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે.

જ્યારે ૯૯૧૭ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે ત્યારે આ સ્થિતિમાં ગત ૨૪ કલાકમાં વધુ ૭ દુઃખદ મૃત્યુ નોંધાયા છે. જેમાં રાજકોટ અને સુરત કોર્પોરેશનમાં ૧-૧, ગાંધીનગરમાં ૧ અમદાવાદ કોર્પોરેશનમાં ૩ તેમજ વડોદરા કોર્પોરેશનમાં ૧ મોત નોંધાયા છે. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૩૦૨ થયો છે.



સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી સમગ્ર રાજ્યમાં એક જ તબક્કે યોજવાની માંગ સહિત પાંચ જેટલા મુદ્દાઓ સાથે પ્રદેશ કોંગ્રેસના નેતાઓનું એક પ્રતિનિધિ મંડળ રાજ્ય ચૂંટણી કમિશનર સંજયપ્રસાદને મળ્યુ હતુ. મતદારયાદીમાં છબરડા ના રહે તે માટે આ પ્રતિનિધિ મંડળે ઉગ્ર રજુઆતો કરી તેના ક્રોસ વેરીફીકેશનની રજુઆત કરી હતી. મતદાર યાદીના છબરડાઓ અંગે કોંગ્રેસ ઉગ્ર લડત આપશે તેવી ચીમકી પણ આ પ્રતિનિધિ મંડળે આપી હતી. આ પ્રતિનિધિ મંડળમાં પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા, વિપક્ષના નેતા પરેશ ધાનાણી, ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર, લાખાભાઈ ભરવાડ, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ સહિતના આગેવાનો જોડાયા હતા.

## ચિલોડા બ્રિજ પાસે કારની અડફેટે બાઈકચાલકને ઈજા

ગાંધીનગર, તા.૩૦

ચિલોડા હોટલ પુરોહિત પાસે કારને અડફેટે બાઈક પર સવાર બે વ્યકિતને ઈજા પહોંચી છે. લિમ્બડીંયા ગામના રહેવાસી વિષ્ણુભાઈ પટેલ (ઉં.૫૮)ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૮ ના રોજ હોન્ડા સાઈન બાઈક નં. જી.જે.૧૮.સી.પી. - ૮૧૧૫ લઈને મિત્ર ઈશ્વરભાઈ પટેલ (રહે.લિમ્બડીયા)સાથે બપોરના સમયે ખેતીના સામાન લેવા માટે ગયા હતા. ફરીયાદી બાઈક ચલાવતા હતા અને ઈશ્વરભાઈ પાછળ બેઠા હતા. મોટા ચિલોડા બ્રિજ પર થઈને હોટલ પુરોહિતના સામેના છેડાથી રોડ ક્રોસ કરી સામેની બાજુ જવા વળેલા અને થોડા આગળ ગયા પછી અચાનક નરોડા તરફથી બ્રિજ પર આવી રહેલી લાલ રંગની સ્વીફટ કારના ચાલકે બાઈકને પાછળના ભાગે થી ટક્કર મારી હતી.જેથી બાઈક પર સવાર બંને નીચે પટકાયા હતા. જેને પગલે બંને વ્યકિતને હાથે પગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા અને ફરીયાદીને શહેરની ખાનગી હોસ્પિટલ અને ઈશ્વરભાઈને અમદાવાદની ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. જયાં ફરીયાદીને બંને હાથે ફ્રેકચર થયું હોવાનું નિદાન થયું છે. જયારે ઈશ્વરભાઈને માથાના ભાગે ઈજા પહોંચતા સારવાર હેઠળ છે. બનાવ અંગે વિષ્ણુભાઈની ફરીયાદને પગલે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## નાસતા-ફરતા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ડબલ ડેકરના મકાનમાં નં.૪૦૪ ખાતે ગ તા.૨૬ ફેબ્રુઆરીના રોજ રૂ.૧.૮૮ લાખની ચોરી થવા પામી હતી. ચોરીના કેસમાં બે આરોપી ઝડપાયા હતા. જયારે આ કેસમાં આરોપી શકિતસિંહ ભગવાનસિંહ રાટોડ (રહે.ખોડીયાર માતાનો વાસ દોલારાણા વાસણા) નાસતો ફરતો હતો. બાતમી આધારે પોલીસે સે-૨૧ સોંપીગ સેન્ટર ખાતેથી શકિતસિંહ રાઠોડને પકડી પાડ્યો હતો.


